જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૩/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૪૨૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૭૨ લીટર દેશી દારૂ, ૦૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૨ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૭,૧૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૪૩૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૨ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ત્યજી દિધેલ હાલતમાં તાજુ જન્મેલ મૃત બાળક મળી આવ્યુઃ– **સમાચાર યાદી નં.૪૩૧/૨૦૨૬**

દાણીલીમડાઃ તા.૨૫/૦૩/૨૦૨૬ બપોરના ૧૨/૨૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે દાણીલીમડા પીરાણા ડમ્પીંગ સાઈડ ખાતે તાજુ જન્મેલુ બાળક(બાબો) મૃત અને બીનવારસી હાલતમાં મળી આવતા દાણીલીમડા પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો દાખલ કરી આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.જે.ચૌધરી ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૪૩૨/૨૦૨૬**

રીવરફ્રન્ટ વેસ્ટઃ મંથન હરજીવનભાઈ મકવાણા (ઉ.વ.૩૮)(રહે. શાંતિપુજ્ય હોમ્સ, સિલ્વર સ્ટાર ચાર રસ્તા, ચાંદલોડીયા) એ તા.૨૫/૦૩/૨૦૨૬ ના રોજ રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે રિવરફ્રન્ટ રોડ અટલબ્રિજ સામે મલ્ટીલેવલ પાર્કિંગની નીચે "લા મિલાનો પીઝેરિયા" નામની શોપમાં કામ કરતા આરોપી મિહીર પ્રજાપતિ તા.૨૬/૧૨/૨૦૨૫ કલાક ૩/૦૦ થી કલાક ૪/૦૦ વાગ્યા દરમ્યાન શોપના કેશ કાઉન્ટરના ટેબલના ખાનામાંથી રોકડ રૂપિયા ૭૦,૦૦૦/– ચોરી કરી લઈ ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એચ.ગામેતી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૪૩૩/૨૦૨૬**

ઘાટલોડીયાઃ દીપીકાબહેન વા/ઓ ગોવિંદ વૈષ્ણવ (ઉ.વ.૨૩) (રહે.વીરબાપા મંદિરની નજીક સુખીપુરા મેમનગર) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૩/૨૦૨૬ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બારીના સળીયા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી સી.એમ.કણસાગરા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી